eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 178
January 30, 2009

## નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનેપુષ્પાંજલીનો અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૨ મી જન્મ જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩/૦૧/૨૦૦૯ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક પાસે આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલીનો અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન ( રાંદેર )ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન ( રાંદેર ), માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ) તાડવાડી હરીજનવાસ(મેરવાસ) વિસ્તારમાં તાપી નદી કીનારે પાળાને લાગુ બ્લોક નં.૧૨૯૦ પૈકી સરકારી જગ્યામાં કાચા/પાકાં ઝુંપડા તથા તબેલા વસેલ હતાં. જેના કારણે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ડે. મ્યુ. કમિશનરશ્રી (જન) મહેશસીંગ સાહેબ તેમજ ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી એમ.સી. શાહના માર્ગદર્શન હેઠળ ઉધના ઉદ્યોગનગર સંઘ રોડ નં. ૧૦, પ્લોટ ન : એ–૧૪ ખાતે માર્જીનવાળા ભાગમાં દુકાનનું આશરે ૧૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં સ્લેબ લેવલનું બાંધકામ કરી દેવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો આઠમો આંતરશાળા રમતોત્સવ તા.૨૩–૦૧–૨૦૦૯ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે સંપન્ન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો આઠમો આંતરશાળા રમતોત્સવ તા.૨૩–૦૧–૨૦૦૯ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત,સુમન હાઈસ્કૂલ સેલ યોજીત આઠમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૮–૦૯ વિજેતાઓની યાદી

સુરત મહાનગરપાલિકા સંચાલિત,સુમન હાઈસ્કૂલ સેલ યોજીત આઠમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૮–૦૯ વિજેતાઓની યાદી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૦૯ને સોમવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે, વનિતા વિશ્રામ મેદાન, આર. ટી. ઓ. સામે, અઠવાગેટ, ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્હસ્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત "નિર્મળ ગરબા ગ્રાઉન્ડ સ્પર્ધા નવરાત્રી–૨૦૦૮" સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ૧૪ જેટલા ગરબા આયોજકો એ ભાગ લીધો હતો. જે પૈકી નીચે મુજબના ૩ આયોજકો વિજેતા થયેલ છે

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત "નિર્મળ ગરબા ગ્રાઉન્ડ સ્પર્ધા નવરાત્રી–૨૦૦૮" સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ૧૪ જેટલા ગરબા આયોજકો એ ભાગ લીધો હતો. જે પૈકી નીચે મુજબના ૩ આયોજકો વિજેતા થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકા ધ્વારા તા. ૨૧–૦૧–૨૦૦૯ થી તા. ૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૯ " સાતમો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૯ " અને " આઈ.ટી.મેળો ૨૦૦૯"




સુરત મહાનગર પાલિકા ધ્વારા તા. ૨૧–૦૧–૨૦૦૯ થી તા. ૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૯ " સાતમો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૯ " અને " આઈ.ટી.મેળો ૨૦૦૯"ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનેપુષ્પાંજલીનો અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૨ મી જન્મ જયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૦૯ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક પાસે આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલીનો અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મા.કમિશ્નર કુ. એસ.અપર્ણા, માજી.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ નાયક, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, તથા શહેરીજનોએ નેતાજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિધાર્થીઓ હાજર રહી નેતાજી સુભાષચંદ્ર વિશે વકતવ્ય રજુ કરી રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

TOP

## પશ્રિમ ઝોન ( રાંદેર )ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્રિમ ઝોન ( રાંદેર ), માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ) તાડવાડી હરીજનવાસ(મેરવાસ) વિસ્તારમાં તાપી નદી કીનારે પાળાને લાગુ બ્લોક નં.૧૨૯૦ પૈકી સરકારી જગ્યામાં કાચા/પાકાં ઝુંપડા તથા તબેલા વસેલ હતાં. જેના કારણે આ વિસ્તારમાં પાણીના નિકાલનો પ્રશ્ન જટીલ હતો. જેથી પાણીના સરળ વહન માટે ભરવાડ/રબારીઓના કાચા/પાકા મકાનો,તબેલા વિગેરેનું ૧૫૦ ચો.મી. બાંધકામ તોડી તાપી કિનારે કુલ—૩૦૦૦ ચો.મી.જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. તેમજ તાડવાડી મુખ્ય રસ્તાથી હરીજનવાસ તરફ જતો ૧૨.૦ મી.ટી.પી.રસ્તાનો પણ કબ્જો લઈ રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરેલ છે. જે સ્થાનિક રહીશો માટે ઉપયોગકર્તા રહેશે.

આ ઉપરાંત પશ્રિમ ઝોન ( રાંદેર ), ના અડાજણ વિસ્તારમાં ટી.પી.૧૨(અડાજણ) ફા.પ્લોટ નં.૧૪, યુનીટ નં.૧૬/બી, ( કૃષ્ણનગર સોસાયટી ) હયાત ગ્રાઉન્ડ ફલોર – પહેલા માળના માર્જીનમાં આર.સી.સી.ફુટીંગ, કોલમ,બીમ,સ્લેબ ભરી ચણતર પ્લાસ્ટર સહિતનું આશરે ૧૫૦૦ ચો.ફુટનું ગ્રા.ફલોર – પહેલા માળનું ગેરકાયદેસર માળનું બાંધકામ તોડી પાડી માર્જીન ખુલ્લુ કરવાની કામગીરી કરવામાં આવેલ તથા મિલ્કતદાર પાસે રૂા.૫૦૦૦/— વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે. અને બાકી કુલ રહેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની બાંહેધરી લઈ રૂા.૧૦,૦૦૦/— ડીપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં ઝોનલ ચીફશ્રી સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્રિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ડે. મ્યુ. કમિશનરશ્રી (જન) મહેશસીંગ સાહેબ તેમજ ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી એમ.સી. શાહના માર્ગદર્શન હેઠળ ઉધના ઉદ્યોગનગર સંઘ રોડ નં. ૧૦, પ્લોટ ન : એ–૧૪ ખાતે માર્જીનવાળા ભાગમાં દુકાનનું આશરે ૧૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં સ્લેબ લેવલનું બાંધકામ કરી દેવામાં આવેલ હતું જે ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ મારફત દૂર કરવામાં આવેલ છે. તથા મોજે જીયાવ અને ભેસ્તાનની કેનાલ ઉપરના ૩૬ મી ના રસ્તા પર સુડાના રિઝર્વેશન પ્લોટ ટી.એન. ૬૪ ની બાજુમાં આવેલ જુના જકાતનાકા ની બાજુમાં કોર્મશીયલ હેતુસરનું આશરે ૧૦' × ૨૦' નું ગેરકાયદેસર બાંધકામ આજ રોજ તા. ૨૮ /૦૧/૨૦૦૯ના રોજ દૂર કરવામાં આવેલ છે.

ડે.કમિશનરશ્રી (જન.)ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગ દર્શન હેઠળ સાઉથઝોન (ઉધના)ના શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૨૨/૦૧/૨૦૦૯ નીચે મુજબ ડિમોલીશન કરેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન) વિસ્તારમાં આવેલ ગુરૂકૃપા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી લી. નાં ગાળા નં. ૨૪૭ ની પૂર્વે આવેલ માર્જીન વાળા તથા હાઈટેન્શન લાઈનની અસર હેઠળના ભાગમાં આશરે ૧૧૦૦.૦૦ ચો.ફુટ નાં વિસ્તારમાં બનાવવામાં આવેલ પ્લીન્થનું બાંધકામ તથા આજ સોસાયટી નાં ગાળા નં ૧૫૫ ની દક્ષિણ પશ્ચિમે આવેલ ખુલ્લી જગ્યામાં તથા હાઈટેન્શન લાઈનની અસર હેઠળ ના ભાગમાં આશરે ૬૦૦.૦૦ ચો.ફુટ નાં વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોરનું શરૂ કરવામાં આવેલ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો આઠમો આંતરશાળા રમતોત્સવ તા.૨૩–૦૧–૨૦૦૯ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે સંપન્ન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો આઠમો આંતરશાળા રમતોત્સવ તા.૨૩–૦૧–૨૦૦૯ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડે.કમિશનર(૫. અને ઈ.) શ્રી સી.જે.ગામીત એ માન.મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેનશ્રી, મે.કમિશનરશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ વિ.નું આવકાર સાથે સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં આ રમતોત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રમત–ગમત દરમ્યાન હાર–જીતનું મહત્વ ગૌણ સમજી સ્પોર્ટસમેનશીપનું પ્રદર્શન કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધનમાં શાસક પક્ષનાં નેતા શ્રી ભીમજીભાઈ પટેલ એ પોતાની બાળપણની યાદ તાજી કરતાં જણાવ્યું હતું કે, અમારા જમાનાની સરખામણીમાં હાલના હરિફાઈનાં ગાળામાં પ્રાઈવેટ સ્કુલની સાથે સ્પર્ધા કરવાની હોય છે, ત્યારે રાજય કક્ષાએ / રાષ્ટ્રીય કક્ષાએ પહોંચવું હોય તો મહેનત અવશ્ય કરવી પડતી હોય છે. વધુમાં તેઓએ હાલ આ વર્ષે આપણે બાળ નિરોગી તથા સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરી રહયાં છીએ, ત્યારે એવી ભૂમિકા અદા કરી આગળ વધીએ તેમ કહી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકો પ્રતિ શુભકામનાઓ વ્યકત કરી હતી.

માન.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ તેમનાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાની ધોરણ–૭ પછી માધ્યમિક શિક્ષણ આપવાની જવાબદારી ન હોવા છતાં સ્લમ વિસ્તારમાંથી આવતાં ગરીબ અને મજૂર વર્ગનાં બાળકો શિક્ષણથી વંચિત રહી ન જાય તેવા શુભ આશયથી સુમન હાઈસ્કુલો શરૂ કરેલ, જેની ફળશ્રુતિ રૂપે સુમન હાઈસ્કુલોનાં ધોરણ–૧૦ નું બોર્ડનું પરિણામ ધ્યાને લેતાં આપણે અન્ય નામાંકિત સ્કુલો સાથે ૧૦૦% કોમ્પીટીશન કરી હોવાનું જણાવી સુમન હાઈસ્કુલોનાં વિદ્યાર્થીઓ ટોપ–૧૦ માં સ્થાન પામી શકે તે માટે એક ચોકકસ લક્ષ રાખી કટિબધ્ધ થવા જણાવ્યું હતું તેમજ ટકોર કરતાં જણાવ્યું હતું કે, રમત–ગમતની પ્રવૃત્તિ થકી શિક્ષણ કે સમયનો બગાડ થતો ન હોય વ્યાયામ શિક્ષકોને આજનાં જમાનામાં પોતાનું જ્ઞાન અપડેટ કરવા તેમજ લેટેસ્ટ ટેકનીકનો ઉપયોગ કરી સુમન હાઈસ્કુલો તથા સુરત મહાનગરપાલિકાનું ગૌરવ વધારવા તથા આજરોજનાં આંતરશાળા રમતોત્સવમાં ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી. માન.મ્યુ.કમિશનરશ્રી એસ.અર્પણાએ પણ ખાસ હાજરી આપી અભિવાદન સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ આંતરશાળા રમતોત્સવમાં ભાઈઓ તથા બહેનોની ૧૦૦, ૨૦૦ મીટર દોડ લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક, કબડ્ડી, ખો–ખો તથા વોલીબોલ વિગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કુલ–૪૧૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. તે પૈકી વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને તથા રાજયકક્ષાએ / રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ સુમન હાઈસ્કૂલોનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને પાણી સમિતિનાં અધ્યક્ષ શ્રી નિરવભાઈ શાહ તથા મ્યુનિ.સભ્ય શ્રી પારૂલબેન ભારતી તથા પ્રવિણભાઈ પટેલ વિ. તરફથી ટ્રોફીઓ એનાયત કરવામાં આવેલ. વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા સુમન હાઈસ્કૂલોનાં નામોનું લીસ્ટ આ સાથે સામેલ છે.

આંતરશાળા રમતોત્સવ દરમ્યાન શ્રી આઈ. જી. દેસાઈ હાઈસ્કુલનાં શિક્ષક શ્રી ખેતમલ ચૌધરી, શ્રી વડે ગલિયાળા વિદ્યાલય, કઠોરનાં શિક્ષક શ્રી રાજેશભાઈ ચૌધરી તેમજ સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનનાં કર્મચારી શ્રીમતિ સ્મૃતિબેન ડી. પટેલ એ નિર્ણાયક તરીકે તથા એનાઉન્સર તરીકે સેનેટરી ઈન્સ્પેકટર શ્રી મોહંમદ ઈકબાલ શેખ એ ખૂબ સારી સેવા આપેલ છે. આભારવિધિ સુમન હાઈસ્કુલોનાં નિરિક્ષક શ્રી ગોવિંદભાઈ કિડેચાએ કરી હતી.

સમગ્ર આંતર રમતોત્સવ સ્પર્ધાનું સફળ આયોજન સુમન હાઈસ્કુલ સેલ તરફથી કરવામાં આવેલ હતું.

TOP

સુરત મહાનગરપાલિકા સંચાલિત,સુમન હાઈસ્કૂલ સેલ યોજીત આઠમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૮–૦૯ વિજેતાઓની યાદી :

| અ.નં. | રમતનું નામ | વિજેતાનું નામ | શાળાનું નામ | મેળવેલ ક્રમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ મીટર દોડ(ભાઈઓ) | દૂધાત ગૌતમ મનુભાઈ | સુમન હાઈસ્કુલ નં.૨ | પ્રથમ |
| | –"– | મેર તેજાભાઈ સારાભાઈ | સુમન હાઈસ્કુલ નં.૭ | રનર્સઅપ |
| ૨ | ૧૦૦ મીટર દોડ(બહેનો) | રાઠોડ આશા ઠાકોરભાઈ | સુમન હાઈસ્કુલ નં.૪ | પ્રથમ |
| | –"– | તારપરા જિજ્ઞાસા રમેશભાઈ | સુમન હાઈસ્કુલ નં.૩ | રનર્સઅપ |
| ૩ | ૨૦૦ મીટર દોડ(ભાઈઓ) | વાણીયા સુરેશ જેરામભાઈ | સુમન હાઈસ્કુલ નં.૨ | પ્રથમ |
| | –"– | રાઠોડ નીતેશ ભીખુભાઈ | સુમન હાઈસ્કુલ નં.૪ | રનર્સઅપ |
| ૪ | ૨૦૦ મીટર દોડ(બહેનો) | ગજ્જર દિપાલી ભરતભાઈ | સુમન હાઈસ્કુલ નં.૩ | પ્રથમ |
| | –"– | રાઠોડ આશા ઠાકોરભાઈ | સુમન હાઈસ્કુલ નં.૪ | રનર્સઅપ |
| ૫ | લાંબી કૂદ (ભાઈઓ) | પારઘી રવિન્દ્ર મછીન્દ્ર | સુમન હાઈસ્કુલ નં.૫ | પ્રથમ |
| | –"– | મેર તેજાભાઈ સારાભાઈ | સુમન હાઈસ્કુલ નં.૭ | રનર્સઅપ |
| ૬ | લાંબી કૂદ (બહેનો) | સરવૈયા નૂતન ધીરૂભાઈ | સુમન હાઈસ્કુલ નં.૩ | પ્રથમ |
| | –"– | પંડા સાલુ કૈલાસભાઈ | સુમન હાઈસ્કુલ નં.૮ | રનર્સઅપ |
| ૭ | ગોળા ફેંક (ભાઈઓ) | ડાભી દિપક વજુભાઈ | સુમન હાઈસ્કુલ નં.૮ | પ્રથમ |
| | –"– | પવાર શંકર નંદુભાઈ | સુમન હાઈસ્કુલ નં.૧ | રનર્સઅપ |
| ૮ | ગોળા ફેંક (બહેનો) | સુરતી ડિમ્પલ શાંતિલાલ | સુમન હાઈસ્કુલ નં.૭ | પ્રથમ |
| | –"– | આહિરે ભાવના વિનાયક | સુમન હાઈસ્કુલ નં.૬ | રનર્સઅપ |
| ૯ | ચક્ર ફેંક (ભાઈઓ) | રાઠોડ પરેશ બાબુભાઈ | સુમન હાઈસ્કુલ નં.૪ | પ્રથમ |
| | –"– | નાયકા સન્ની ઉમેશભાઈ | સુમન હાઈસ્કુલ નં.૧ | રનર્સઅપ |
| ૧૦ | ચક્ર ફેંક (બહેનો) | બિડકર અનિતા અશોકભાઈ | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | રોહિત રશ્મીકા ગોવિંદભાઈ | સુમન હાઈસ્કુલ નં.૮ | રનર્સઅપ |
| ૧૧ | બરછી ફેંક (ભાઈઓ) | વસાવા આકાશ વામનભાઈ | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | પાટીલ પરેશ ભરતભાઈ | સુમન હાઈસ્કુલ નં.૬ | રનર્સઅપ |
| ૧૨ | બરછી ફેંક (બહેનો) | ગૌસ્વામી અનિતા હરદત્તગીરી | સુમન હાઈસ્કુલ નં.૨ | પ્રથમ |
| | –"– | સરોજ પૂજા રામકૈવલ | સુમન હાઈસ્કુલ નં.૧ | રનર્સઅપ |
| ૧૩ | કબડ્ડી (ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૪ (અડાજણ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) | | રનર્સઅપ |
| ૧૪ | કબડ્ડી (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૬ (ઉધના) | | રનર્સઅપ |
| ૧૫ | ખોખો (ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | | રનર્સઅપ |
| ૧૬ | ખોખો (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | | રનર્સઅપ |
| ૧૭ | વોલીબોલ(ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | | પ્રથમ |
| | – " – | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | | રનર્સઅપ |
| ૧૮ | વોલીબોલ(બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૯ (કાપોદ્રા) | | રનર્સઅપ |

TOP

## ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૦૯ને સોમવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે, વનિતા વિશ્રામ મેદાન, આર. ટી. ઓ. સામે, અઠવાગેટ, ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્દહસ્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે ૬૦મો પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છુ. તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર ધ્વારા બેસ્ટ પરફોર્મીગ સીટી **JnNURM** નો એવોર્ડ મળેલ છે. તેમજ શહેરમાં પર્યાવરણલક્ષી પરિવહન વ્યવસ્થા ઉભી કરવાના અભિયાનમાં પ્રતિબધ્ધતા દર્શાવી કીયોટો ડેકલેરેશન પર સહી કરી સંમતિ આપવામાં આવી છે. આજે વિશ્વની મંદીની અસરનો આપણે સામનો કરવાનો છે. ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના સહકારથી સુરત શહેરના ઔદ્યોગીક ગૃહો ધ્વારા ૧૧૦૧૯ કરોડ રૂપિયાના એમ. ઓ. યુ. થયા. સુરત શહેરે આ વૈશ્વિક મંદીની અસરને ખાળીને શહેરનો સતત વિકાસ કરી શહેરને ધબકતુ રાખી શહેરીજનોને અન્ય સવલતો પુરી પાડવા અમે કટિબધ્ધ છીએ. મા.મેયરશ્રીએ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિઓ હાંસલ કરનારાઓને પ્રશંસાપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપવામાં આવેલ.

અઠવા ઝોન વિસ્તારની નગર પ્રા. શિ. સ. ની ૧૫ જેટલી શાળાના ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા સરસ્વતી વિદ્યાલય શારદાયતન, એકસપેરીમેન્ટલ, વનિતા વિશ્રામ શાળાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ બેનરો, ટેબ્લોઝ તથા બેન્ડ સાથે પ્રભાતફેરી રૂપે ફરી ધ્વજવંદન સ્થળે એકત્રિત થઈ સલામી આપી હતી.



ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડે. મેયર શ્રી કિશોરભાઈ કાનાણી, (કુમાર), સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ–કર્મચારીગણ, પુસ્તકમેળાના સ્ટોલ હોલ્ડરો, પત્રકારો, ચેનલ–મડીયાના પ્રતિનિધિઓ તથા જાહેર જનતા તથા શાળા–કોલેજના વિદ્યાર્થીઓ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી થયા હતા.

TOP

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત "નિર્મળ ગરબા ગ્રાઉન્ડ સ્પર્ધા નવરાત્રી–૨૦૦૮" સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ૧૪ જેટલા ગરબા આયોજકો એ ભાગ લીધો હતો. જે પૈકી નીચે મુજબના ૩ આયોજકો વિજેતા થયેલ છે

| ક્રમ | સિધ્ધિ મેળવનારનું નામ | પુરસ્કાર |
|---|---|---|
| ૧ | રજવાડી ગૃપ, શ્રી યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા | રૂા.૨,૫૦,૦૦૦/– રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર |
| ૨ | શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી, આઈ. એન. પટેલ | રૂા.૧,૫૦,૦૦૦/– રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર |
| ૩ | ડેસ્ટીની ગૃપ એન્ટરટેઈનર્સ પ્રા. લી.શ્રી ચિરાગ બીપીનચંદ્ર શાહ. | રૂા.૧,૦૦,૦૦૦/– રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર |

રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે ૧ થી ૩ માં વિજેતા થયેલ ૯ જેટલા રમતવિરોનું સન્માન કરવામાં આવ્યુ હતું.

| ક્રમ | સિધ્ધિ મેળવનારનું નામ | પુરસ્કાર |
|---|---|---|
| ૧ | કુ. સંચિતા સંજય ગુપ્તા | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૨ | ચિ. જૈનમ સુનિલકુમાર મોતીવાલા | રૂા.૨,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૩ | કુ. હિમાની નરેન્દ્રકુમાર ડુગ્ગર | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૪ | ચિ.દીપ ગિરીશ રેવડીવાલા | રૂા.૧,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૫ | કુ. હેમાલી દિનેશચંદ્ર પટેલ | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૬ | નમ્રતા મહેન્દ્રભાઈ ભટ્ટ | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૭ | કુ. પૂજા નરેશ ચૌઋષિ | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૮ | શ્રી જીતેન્દ્રકુમાર એમ. પેટીગરા | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૯ | ચિ.હેમિંગ કિશોરભાઈ પટેલ | રૂા.૧,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |
| ૧૦ | શ્રી સિધ્ધાર્થ રાજેશકુમાર ટાંક | રૂા.૩,૦૦૦/– રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ |

એપ્રિલ–૨૦૦૮માં રાજકોટ ખાતે યોજાયેલ આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતની ૭ મહાનગરપાલિકાના મેયર અને કમિશ્નર ઈલેવન ટીમો મળી કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સુરત મહાનગરપાલિકાની મેયર્સ ઈલેવન ટીમ ચેમ્પીયન નીવડી હતી. આ ટીમના ૧૪ ખેલાડીઓને ટ્રોફી આપવામાં આવી હતી.

| ક્રમ | સિધ્ધિ મેળવનારનું નામ | પુરસ્કાર |
|---|---|---|
| ૧ | સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ | ચેમ્પીયન ટીમના કેપ્ટન તરીકે ટ્રોફી |
| ૨ | મ્યુ. સભ્યશ્રી મનોજકુમાર લોટવાલા | ચેમ્પીયન ટીમના વાઈસ કેપ્ટન તરીકે ટ્રોફી |
| ૩ | સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ | બેસ્ટ બોલર તરીકે ટ્રોફી |
| ૪ | મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ એમ. પટેલ | મેન ઓફ ધી સીરીઝ તરીકે ટ્રોફી |
| ૫ | શાસક પક્ષના નેતા શ્રી ભીમજીભાઈ પટેલ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૬ | લા. અને ફા. સમિતિના અધ્યક્ષશ્રી હિતેશ મૈસુરીયા | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૭ | મ્યુ. સભ્યશ્રી ડો. જગદીશભાઈ પટેલ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૮ | મ્યુ. સભ્યશ્રી રાજેશભાઈ દેસાઈ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૯ | મ્યુ. સભ્યશ્રી નિતિનકુમાર ઠાકર (ભજીયાવાલા) | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૦ | મ્યુ. સભ્યશ્રી વિવેકભાઈ એન. પટેલ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૧ | મ્યુ. સભ્યશ્રી શૈલેષભાઈ એસ. જરીવાલા | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૨ | મ્યુ. સભ્યશ્રી યશોધરભાઈ ટી. દેસાઈ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૩ | મ્યુ. સભ્યશ્રી સતીષભાઈ કે. પટેલ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૪ | મ્યુ. સભ્યશ્રી કનુભાઈ વી. પટેલ | ખેલાડી તરીકે ટ્રોફી |
| ૧૫ | મ્યુ. સભ્યશ્રી વિનોદભાઈ મોરડીયા | ખેલાડી તરીકે ટ્રોફી |

TOP

# સુરત મહાનગર પાલિકા ધ્વારા તા. ૨૧–૦૧–૨૦૦૯ થી તા. ૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૯ " સાતમો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૯ " અને " આઈ.ટી.મેળો ૨૦૦૯"

સુરત મહાનગર પાલિકા ધ્વારા તા. ૨૧–૦૧–૨૦૦૯ થી તા. ૨૬–૦૧–૨૦૦૯ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૯ " સાતમો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૯ " અને " આઈ.ટી.મેળો ૨૦૦૯"ના સેમીનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ તથા ગાર્ડન વિભાગ ધ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેના સેમીનાર હોલમાં તા.૨૩–૦૧–૨૦૦૯નાં રોજ સવારે ૧૧.૩૦ કલાકે નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં જુદી જુદી જાળાના ૯૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.






આ ઉપરાંત દરરોજ સાંજે ૭.૦૦ કલાકે શાળા/કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈન્ટર સ્કુલ જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન, દેશભકિત પર આધારિત મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં તા.૨૨–૦૧–૨૦૦૯નાં રોજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્વાતીબેન ભટ્ટ, ગાર્ડન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ નયનાબેન નાયક, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

TOP